सत्यमेव जयते

**પલસાણાના મહે. એડિશનલ સિવિલ જજ અને જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (વી.પી.આચાર્ય) સાહેબની કોર્ટમાં...**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ:– | ૧૩.૦૩.૨૦૨૬ |
| ક્રિમીનલ કેસ ક્રમાંક:– | ૧૯૫૫/૨૦૨૩ |
| આંક:– | |
| પ્રથમ બાતમી અહેવાલ ક્રમાંક અને પોલીસ સ્ટેશન:– | ૦૧૪૭/૨૦૨૩ પલસાણા પોલીસ સ્ટેશન, તા.પલસાણા. |
| ફરિયાદી:– | શ્રી સરકાર (રાજય) |
| ફરિયાદપક્ષે:– | વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી બી.એન.પંડ્યા |
| આરોપી:– | (૧) નામ:– શિવલોકસિંગ શાંતિભુસરસિંગ રાઠવા<br>ઉંમર:–૩૨ ધંધોઃ– ડ્રાઈવિંગ<br>સરનામું:–બલેશ્વર ગામ ખાતુશ્યામ મીલની પાછળ સાદીકભાઈની ચાલમાં રૂમ નં.૦૩, તા–પલસાણા, જી. સુરત.<br>મૂળ રહે.–વાવલી ગામ, તા–માધવગઢ, થાના–કુઠોન,જી–ઝાલોન, (ઉતરપ્રદેશ)<br>(૨) નામ:– ચંન્દ્રભાનસિંગ નથ્થુ વર્મા<br>ઉંમર:–૧૯ ધંધોઃ– મજુરી<br>સરનામું:–બલેશ્વર ગામ ખાતુશ્યામ મીલની પાછળ સાદીકભાઈની ચાલમાં રૂમ નં.૦૩, તા–પલસાણા, જી. સુરત.<br>મૂળ રહે–પેલાની ગામ.તા–જસપુરા,જી–બાંદા, (ઉત્તરપ્રદેશ)<br>(૩) નામ:– શુભમ રામસ્વરૂપ પટેલ<br>ઉંમર:–૧૯ ધંધોઃ– મજુરી<br>સરનામું:–બલેશ્વર ગામ ખાતુશ્યામ મીલની પાછળ સાદીકભાઈની ચાલમાં રૂમ નં.૦૩, તા–પલસાણા, જી. સુરત.<br>મૂળ રહે–બીજરાવગઢ તાલુકો/થાના–બીજરાવગઢ,જી–કટણી , મધ્યપ્રદેશ<br>(૪) નામ:– શિવકુમાર આશારામ પટેલ<br>ઉંમર:–૧૯ ધંધોઃ– મજુરી |

| | |
|---|---|
| | સરનામું:–બલેશ્વર ગામ ખાતુશ્યામ મીલની પાછળ સાદીકભાઈની ચાલમાં રૂમ નં.૦૩, તા–પલસાણા, જી. સુરત.<br>મૂળ રહે–બીજરાવગઢ તાલુકો/થાના બીજરાવગઢ,જી–કટણી , મધ્યપ્રદેશ |
| બચાવપક્ષે:– | વિદ્વાન વકીલશ્રી આરોપી નં. (૧) એ.આર.ભોઇ<br>આરોપી નં. (૨) એ.બી.ઢીમ્મર<br>આરોપી નં. ૩,૪ તરફે કોઇ નહી. |

| | |
|---|---|
| ગુનાની તારીખ:– | ૦૮.૦૩.૨૦૨૩ |
| પ્રથમ બાતમી અહેવાલની તારીખ:– | ૦૮.૦૩.૨૦૨૩ |
| આખરી અહેવાલ રજુ થવાની તારીખ:– | ૨૬.૦૬.૨૦૨૩ |
| તહોમતનામું ધડયાની તારીખ:– | ૧૩.૧૧.૨૦૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ:– | ૧૩.૧૧.૨૦૨૪ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ:– | ૧૩.૦૩.૨૦૨૬ |
| ચુકાદાની તારીખ:– | ૧૩.૦૩.૨૦૨૬ |
| આખરી હુકમ:– | નિર્દોષ ઠરાવી છોડી મુકેલ છે. |

## –:: આરોપીની વિગત ::–

| આરોપીનો અનુક્રમ નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો.કા. સંહિતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | શિવલોકસિંગ શાંતિભુસરસિંગ રાઠવા | ૧૦.૦૩.૨૦૨૩ | ૧૬.૦૩.૨૦૨૩ | ભારતીય દંડ સંહિતાની કલમ–૪૫૪,૪૫૭, ૩૮૦ મુજબ | નિર્દોષ | – | – |
| ૨. | ચંન્દ્રભાનસિંગ નથ્થુ વર્મા | ૧૦.૦૩.૨૦૨૩ | ૧૬.૦૩.૨૦૨૩ | " | નિર્દોષ | – | – |
| ૩. | શુભમ રામસ્વરૂપ પટેલ | ૧૦.૦૩.૨૦૨૩ | ૧૬.૦૩.૨૦૨૩ | " | નિર્દોષ | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૪. | શિવકુમાર આશારામ પટેલ | ૧૦.૦૩.૨૦૨૩ | ૧૬.૦૩.૨૦૨૩ | " | નિર્દોષ | – | – |

## –:ચુકાદાનું પરિશિષ્ટ:–

ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષી

અ. ફરિયાદપક્ષ

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૧ | દિનેશકુમાર છેદાલાલ કઠેરીયા | ફરીયાદી | ૧૫ |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૨ | ધવલભાઈ નરેશભાઈ પરમાર | પંચ | ૧૭ |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૩ | ચંન્દ્રકાંતભાઈ રાજેન્દ્રભાઈ જાદવ | પંચ | ૧૯ |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૪ | મેરૂભાઈ રમેશભાઈ પઢેરીયા | સાહેદ | ૨૯ |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૫ | અશ્વિનભાઈ સુનીલકુમાર શ્રીવાસ્તવ | સાહેદ | ૩૦ |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૬ | માયારામ રામજેવન ગુપ્તા | સાહેદ | ૩૧ |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૭ | હિરેનભાઈ રાયસીંગભાઈ ચૌધરી | પંચ | ૩૨ |

બ. બચાવપક્ષ

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બચાવપક્ષે શાહેદ ક્રમાંક | બચાવપક્ષે કોઈ શાહેદ તપાસેલ નથી. | --- |

ક. અદાલત દ્વારા

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| અદાલત દ્વારા તપાસેલ શાહેદ ક્રમાંક | અદાલત દ્વારા પણ કોઈ શાહેદ તપાસેલ નથી. | --- |

આકાશભાઈ સંજયભાઈ સોલંકી

ફરિયાદી/બચાવ/અદાલત દ્વારા રજૂ દસ્તાવેજોના આંકની યાદી

અ. ફરિયાદી

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૬ | ફરિયાદ |
| ૨ | ૧૮ | પંચનામું |

| | | |
|---|---|---|
| ૩ | ૨૦ | પંચનામું |

 બ. બચાવ

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | બચાવપક્ષે કોઈ પુરાવા રજુ થયેલ નથી. | – |

ક. ન્યાયાલય

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | અદાલત દ્વારા કોઈ પુરાવા નોંધવામાં આવેલ નથી. | – |

ડ. ભૌતિક પદાર્થ

| અનુક્રમ | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ૦૦/૦૦ | મુદામાલ પાવતી નં.–૪૨/૨૦૨૩ મુજબ. |

## –:ચુકાદો:–

**ફરિયાદપક્ષની ટૂંકમાં હકીકત અને આરોપી વિરુદ્ધનું તહોમત:–**

**(૧)** હાલના કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૦૭/૦૩/૨૦૨૩ ના કલાક–૨૦/૦૦ થી તા.૦૮/૦૩/૨૦૨૩ ના કલાક–૦૬/૦૦ દરમ્યાન હરકોઇ વખતે. મોજે–બલેશ્વર ગામની સીમમાં હાઇવે પર કાળાઘોડાના ગેટની ડાબી તરફ નિરમન કંપનીના અંદર તા.પલસાણા,જી.સરત ખાતે કોઇ ચોર ઇસમ નિરમન ફેકટરી જે બંધ હાલતમાં હોય જે નિરમન ફેકટરીમાં પાછળનો દરવાજો તોડી ઇલેકટ્રીક મોટર નંગ–૦૪ કિ.–૪૦,૦૦૦/– તથા બીજો લોખંડનો સામાન આશરે ૧૨૫ કિલોગ્રામ જેની કિમત રૂ.૫૦૦૦/– ગણી એમ કુલ ૪૫,૦૦૦/–ની ફેકટરીમા ગેરકાયદેસર રીતે ઘુસી ફેકટરીમા પડેલ ઇલેકટ્રીક મોટર તથા બીજો લોખંડનો સામાનની ચોરી કરી નાસી ગયેલ હોય જે તપાસ દરમ્યાન આરોપીઓના કબજામાંથી મુદામાલ મળી આવતાં ભારતીય દંડ સંહિતાની કલમ–૪૫૪,૪૫૭,૩૮૦ મુજબનો ગુનો કરેલાનો આરોપીઓ વિરુદ્ધ આક્ષેપ છે.

ઉક્ત આક્ષેપ અનુસંધાને સંબંધિત પોલીસ સ્ટેશને એફ.આઈ.આર. નોંધી આરોપીઓની અટક કરી તપાસના અંતે આખરી અહેવાલ રજૂ રાખતા આરોપીઓ વિરુદ્ધ પ્રોસેસ ઈસ્યુ કરતા આરોપીઓ અત્રેની અદાલતમાં હાજર થતા આરોપીઓને જરૂરી નકલો પૂરી પાડી આરોપીઓનો ગુના સંબંધે જવાબ નોંધતા આરોપી નં.૧ તથા ૨ નાઓએ આંક–૧૩ તથા આંક–૧૪ થી સબબ ગુનાનો ઇનકાર કરેલ છે જયારે આરોપી નં.૩ તથા ૪ તરફે સી.આર.પી.સી. કલમ–૨૯૯ મુજબનો હુકમ નામદાર કોર્ટે કરેલ છે,

ત્યારબાદ ફરિયાદપક્ષે પુરાવો નોંધવામાં આવેલ.

**<u>ફરિયાદપક્ષનો પુરાવોઃ</u>–**

**(૨)** ફરિયાદપક્ષે શાહેદ નં.૧ ફરિયાદી દિનેશકુમાર છેદાલાલ કઠેરીયાને આંક–૧૫ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવે છે કે, તેઓ બાબલપુર ઇસઇ ગોપાલપુર, થાના–ઓરછા, તા.કુરાવલી,જી.મેનપુર, ઉતરપ્રદેશ મુકામે તેમના પરિવાર સાથે રહે છે. સને–૨૦૨૩ માં ગામ પલસાણા ખાતે રહેતા હતા અને નિરમન કંપની કે જે એસ.બી.આઇ.તરફથી સીલ કરવામાં આવેલ હોય ચારેક વર્ષ તેમાં સીક્યુરીટી ગાર્ડ તરીકે નોકરી કરતો હતો. માર્ચ–૨૦૨૩ માં એક દિવસ સવારે તેઓ નિરમન કંપનીમાં રાઉન્ડમાં હતા તે દરમ્યાન કંપનીના પાછળનો દરવાજો તુટેલો જણાતા તપાસ કરતાં કોઇક ચોર ઇસમ બંધ ફેકટરીમા પાછળનો દરવાજો તોડી ફેકટરીમા પડેલ ઇલેકટ્રીક મોટર ચાર તથા બીજો લોખંડનો સામાન આશરે ૧૨૫ કિલોગ્રામ કુલ મળી રૂપિયા–૪૫,૦૦૦/– ની ચોરી કરી ગયેલ હોવાનું જણાતા તેમણે પલસાણા પો.સ્ટેશનમાં અજાણ્યા ચોર ઇસમ વિરુધ્ધ ફરીયાદ આપેલી. જે ફરીયાદ તેમને બતાવવામાં આવે છે જેમાં તેમની સહી ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ આંક–૧૬ આપવામાં આવે છે.

સદર શાહેદ બચાવપક્ષની ઊલટતપાસમાં એ હકીકત કબૂલ રાખે છે કે, બનાવ કયારે અને કયાં બનેલો તેની તેમને ખબર નથી, બનાવ તેમણે નજરો નજર જોયેલો નથી, સદર બનાવની જાણ તેમને સવારના છ વાગ્યે થયેલ હોવા છતાં તેમણે ફરીયાદ સાંજે સાડા સાત વાગ્યે આપેલી.

આરોપી નં.૩,૪ તરફે સી.આર.પી.સી.ની કલમ–૨૯૯ નો હુકમ થયેલો છે.

**(૩)** ફરિયાદપક્ષે શાહેદ નં.૨ પંચ શાહેદ ધવલભાઇ નરેશભાઇ પરમારને આંક–૧૭ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવે છે કે, પલસાણા પોલીસે તેમની એક પંચનામામાં સહી કરાવેલી તે સિવાય કંઈ જાણતા નથી. તેમને પંચનામા બતાવવામાં આવે છે. જેમાં તેમની પંચ તરીકે સહી છે. જે તેઓ ઓળખે છે. જે પંચનામાને આંક–૧૮ રજૂ રાખેલ છે.

સદર શાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં ન હોઈ ફરિયાદપક્ષે વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી દ્વારા ફરિયાદપક્ષે ફરી ગયેલ સાક્ષી જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

સદર શાહેદ બચાવપક્ષની ઊલટતપાસમાં એ હકીકત કબૂલ રાખે છે કે, તેઓએ તૈયાર પંચનમામાં સહી કરેલ છે. એ પંચનમામાં શું લખેલ હતું તેની તેમને ખબર નથી.

આરોપી નં.૩,૪ તરફે સી.આર.પી.સી.ની કલમ–૨૯૯ નો હુકમ થયેલો છે.

(૪) ફરિયાદપક્ષે શાહેદ નં.૩ પંચ શાહેદચંન્દ્રકાંતભાઈ રાજેન્દ્રભાઈ જાદવને આંક–૧૯ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવે છે કે, પલસાણા પોલીસે તેમની એક પંચનામામાં સહી કરાવેલી તે સિવાય કંઈ જાણતા નથી. સદર શાહેદને આંક–૨૦ વાળા પંચનામુ બતાવવામાં આવે છે. જેમાં તેમની પંચ તરીકે સહી છે. જે તેઓ ઓળખે છે.

સદર શાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં ન હોઈ ફરિયાદપક્ષે વિદ્ધાન મદદનીશ સરકારી વકીલશ્રી દ્ધારા ફરિયાદપક્ષે ફરી ગયેલ સાક્ષી જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

સદર શાહેદ બચાવપક્ષની ઊલટતપાસમાં એ હકીકત કબૂલ રાખે છે કે, તેઓએ તૈયાર પંચનમામાં સહી કરેલ છે. એ પંચનમામાં શું લખેલ હતું તેની તેમને ખબર નથી.

આરોપી નં.૩,૪ તરફે સી.આર.પી.સી.ની કલમ–૨૯૯ નો હુકમ થયેલો છે.

(૫) ફરિયાદપક્ષે શાહેદ નં.૪ તપાસ કરનાર અમલદાર મેરૂભાઈ રમેશભાઈ પઢેરીયાને આંક–૨૯ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, તા. ૦૮–૦૩–૨૦૨૩ ના રોજ તેઓ પલસાણા પોલીસ સ્ટેશનમાં અ.હે.કો . તરીકે તેમની ફરજ બજાવતા હતા. તે દરમ્યાન એક ફરીયાદી દિનેશભાઈ છેદાલાલ કઠેરીયાનાઓની નિરમન ફેકટરીમા થયેલ ઘરફોડ ચોરી અંગેની ફરીયાદ હકીકત જાહેર કરતાં પી.એસ.ઓ. પી.એ. શિયાળનાઓએ તેઓના લખાવ્યા મુજબની લખી લઈ ગુના રજીસ્ટરનં.–૧૧૨૧૪૦–૪૬૨૩–૦૧૪૭/૨૦૨૩,ઈ.પી.કો કલમ–૪૫૪,૪૫૭,૩૮૦ મુજબના ગુનાના કામે આગળની તપાસ અ.હે.કો. એમ.આર.ચૌધરીનીઓને સુપરત કરેલી. તા.–૦૯–૦૩–૨૦૨૩ ના રોજ પી.આઈ. એ.ડી. ચાવડાને બાતમી મળેલ કે, ઉપરોકત ગુનાના કામે ચોરીમાં ગયેલ મુદામાલ ઈલેકટ્રીક મોટર તથા લોંખડનો સામાન લઈ એક રીક્ષા કે જેનો રજી.નં.–જીજે.૦૫.બીયુ.૮૦૧૦ ભરીને પલસાણા ચાર રસ્તા આવવાના છે જે આધારે તેઓ તથા અન્ય પોલીસ સ્ટાફના માણસો તથા પંચો સાથે પલસાણા ચાર રસ્તામાં વોચમાં ગોઠવતાં બાતમી વાળી રીક્ષા કે જેને આવતાં તેને રોકી ડ્રાયવર નું નામ પંચો રૂબરૂ નામ પુછતાં તેણે પોતાનું નામ શિવલોક સીંગ રાઠવા હોવાનું

જણાવેલ તથા પાછળની સીટ પર બેસેલ બીજા ઈસમનું નામ શુભમ રામ સ્વરૂપ હોવાનું જણાવેલ તેમજ ચોથા ઈસમે પોતાનું નામ શિવકુમાર પટેલ હોવાનું જણાવતા તેઓને સાથે રાખી રીક્ષા ચેક કરતાં ઈલેકટ્રીક મોટર નંગ–૪ તથા લોખંડનો ભંગાર આશરે ૧૨૫ કિલોગ્રામ મળી આવતાં જે અંગે ચારેય જણાને પુછતાં પકડાયેલ ચારેય ઈસમોએ કાલાઘોડા ખાતે નિરમન મીલ કે જે બંધ હોય તેનો દરવાજો તોડી સદર મુદામાલ ચોરી કરી રીક્ષામાં ભરી વેચવા માટે જઈ રહેલ હોવાનું જણાવતાં હોય ઉપરોકત પકડાયેલ મુદામાલ ઓટો રીક્ષા કે જેનો રજી.નં.–જીજે.૦૫.બીયુ.૮૦૧૦ તથા અંગઝડતીમાંથી મળેલ મોબાઈલ નંગ–૦૨ કબજે કરી આરોપી અટક કર્યાનું પંચનમામુ કરેલું. તેમને આંક–૨૦ વાળું પંચનમામુ બતાવવામાં આવે છે. જેમાં પંચો તથા તેમની સહી ઓળખી બતાવે છે.આરોપીઓ તથા મુદામાલ સહિત આગલની તપાસ ત.ક.અમલદાર એમ.આર.ચૌધરીનાઓને સુપરત કરેલી. આરોપીઓને જોયેથી તેઓ ઓળખી શકે છે.

આરોપી નં.૧,૨ તરફે ઉલટતપાસ નથી. આરોપી નં.૩,૪ તરફે સી.આર.પી.સી.ની કલમ–૨૯૯ નો હુકમ થયેલો છે.

(૬) ફરિયાદપક્ષે શાહેદ નં.૫ સાહેદ–અશ્વિનભાઈ સુનિલકુમાર શ્રીવાસ્તવને આંક–૩૦ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે,તેઓ ભાગલપુર ગામ, જી.મેનપુર, ઉતરપ્રદેશ ખાતે તેમના પરીવાર સાથે રહે છે અને દિલ્હી ખાતે પ્રાઈવેટ ગાડી ચલાવી તેમનું તથા તેમના પરીવારનું ગુજરાન ચલાવે છે. સને–૨૦૨૩ માં ગામ પલસાણા ખાતે રહેતા હતા અને નિરમન કંપની કે જે એસ.બી.આઈ.તરફથી સીલ કરવામાં આવેલ હોય ચારેક વર્ષ તેમાં સીકયુરીટી ગાર્ડ તરીકે નોકરી કરતો હતો. માર્ચ–૨૦૨૩ માં એક દિવસ સવારે તેઓ નિરમન કંપનીમાં રાઉન્ડમાં હતા તે દરમ્યાન કંપનીના પાછળનો દરવાજો તુટેલો જણાતા તપાસ કરતાં કોઈક ચોર ઈસમ બંધ ફેકટરીમા પાછળનો દરવાજો તોડી ફેકટરીમા પડેલ ઈલેકટ્રીક મોટર ચાર તથા બીજો લોખંડનો સામાન આશરે ૧૨૫ કિલોગ્રામ કુલ મળી રૂપિયા–૪૫,૦૦૦/– ની ચોરી કરી ગયેલ હોવાનું જણાતા સીકયુરીટી ગાર્ડ દિનેશ છેદાલાલનાઓએ પલસાણા પો.સ્ટેમાં અજાણ્યા ચોર ઈસમ વિરુધ્ધ ફરીયાદ આપેલી. બનાવ બાબતે પોલીસે તેમની પુછપરછ કરી જવાબ લીધેલો.

સદર શાહેદ બચાવપક્ષની ઊલટતપાસમાં એ હકીકત કબૂલ રાખે છે કે, બનાવ તેમણે નજરો નજર જોયેલો નથી.

(૭) ફરિયાદપક્ષે શાહેદ નં. સાહેદ–માયારામ રામજેવન ગુપ્તાને આંક–૩૧ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે,તેઓ

સુરેન્દ્રનગર  ખાતે તેમના પરીવાર સાથે રહે છે. સને–૨૦૨૩ માં બલેશ્વર ગામ પલસાણા ખાતે રહેતા હતા અને નિરમન કંપની કે જે એસ.બી.આઇ.તરફથી સીલ કરવામાં આવેલ હોય ચારેક વર્ષ તેમાં સીક્યુરીટી ગાર્ડ તરીકે નોકરી કરતો હતો. માર્ચ–૨૦૨૩ માં એક દિવસ સવારે તેઓ નિરમન કંપનીમાં રાઉન્ડમાં હતા તે દરમ્યાન કંપનીના પાછળનો દરવાજો તુટેલો જણાતા તપાસ કરતાં કોઇક ચોર ઇસમ બંધ ફેકટરીમા પાછળનો દરવાજો તોડી ફેકટરીમા પડેલ ઇલેકટ્રીક મોટર ચાર તથા બીજો લોખંડનો સામાન આશરે ૧૨૫ કિલોગ્રામ કુલ મળી રૂપિયા–૪૫,૦૦૦/– ની ચોરી કરી ગયેલ હોવાનું જણાતા સીક્યુરીટી ગાર્ડ દિનેશ છેદાલાલનાઓએ પલસાણા પો.સ્ટેમાં અજાણ્યા ચોર ઇસમ વિરુધ્ધ ફરીયાદ આપેલી. બનાવ બાબતે પોલીસે તેમની પુછપરછ કરી જવાબ લીધેલો.

સદર શાહેદ બચાવપક્ષની ઊલટતપાસમાં એ હકીકત કબૂલ રાખે છે કે, બનાવ તેમણે નજરો નજર જોયેલો નથી.

(૮) ફરિયાદપક્ષે શાહેદ નં.૭ પંચ હિરેનભાઇ રાયસીંગભાઇ ચૌધરીને આંક–૩૨ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવે છે કે, પલસાણા પોલીસે તેમની એક પંચનામામાં સહી કરાવેલી તે સિવાય કંઈ જાણતા નથી. સદર શાહેદને આંક–૧૮ વાળું પંચનામુ બતાવવામાં આવે છે. જેમાં તેમની પંચ તરીકે સહી છે. જે તેઓ ઓળખે છે.

સદર શાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં ન હોઈ ફરિયાદપક્ષે વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી દ્વારા ફરિયાદપક્ષે ફરી ગયેલ સાક્ષી જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

સદર શાહેદ બચાવપક્ષની ઊલટતપાસમાં એ હકીકત કબૂલ રાખે છે કે, તેઓએ તૈયાર પંચનમામાં સહી કરેલ છે. એ પંચનમામાં શું લખેલ હતું તેની તેમને ખબર નથી.

આરોપી નં.૩,૪ તરફે સી.આર.પી.સી.ની કલમ–૨૯૯ નો હુકમ થયેલો છે.

**<u>આરોપીનું વિશેષ નિવેદન તથા બચાવપક્ષનો પુરાવો તથા દલીલો:</u>–**

**(૯)** હાલના કામે આરોપીઓનું વિશેષ નિવેદન લેવા જેટલો પુરાવો ન હોય આરોપીઓનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૩૧૩ હેઠળનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ બંને પક્ષની દલીલો સાંભળવામાં આવેલ.

**<u>ન્યાય નિર્ણયઃ</u>–**

**(૧૦)** આ કામના આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૪૫૪,૪૫૭,૩૮૦

મુજબના ગુનાનો આક્ષેપ છે. ફરિયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવા મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલા છે, જે પુરાવાઓનું મૂલ્યાંકન કરી આરોપીઓએ આક્ષેપિત ગુનો કરેલ છે કે કેમ તેનો નિર્ણય કરવાનો રહે છે.

**(૧૧)** ફરિયાદપક્ષ તરફે ફરિયાદી દિનેશકુમાર છેદાલાલ કહેરીચાનાઓને આંક-૧૫ થી તપાસવામાં આવેલા છે. તેઓના પુરાવા મુજબ તેઓએ આંક-૧૬ ની ફરિયાદ હકીકતને સમર્થન પ્રાપ્ત થાય તેવી હકીકતો જણાવેલ છે. ફરિયાદીના પુરાવાથી એ હકીકત રેકર્ડ ઉપર આવે છે કે, નિરમન ફેકટરીમા પાછળનો દરવાજો તોડી ફેકટરીમાં પડેલ ઈલેકટ્રીક મોટર ચાર તથા બીજો લોખંડનો સામાન આશરે ૧૨૫ કિલોગ્રામ મળી કુલ રૂા.૪૫,૦૦૦/- ની ચોરી થયેલ. જેથી ચોરી થયેલ હોવાની હકીકત પુરવાર થાય છે, પરંતુ ફરીયાદી તેમની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તે ચોરી કોણે કરેલી તેની ફરિયાદીને ખબર નથી. આમ,ચોરીનો બનાવ કોઇએ નજરે જોયો હોય તેવો આ કામે કોઇ પુરાવો કે સાહેદ તેઓની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવતા નથી. આમ, ચોરી થયેલ હોવાના બનાવને ફરિયાદીના પુરાવાથી સમર્થન મળે છે, પરંતુ તે ચોરી આ કામના આરોપીઓએ કરેલ હોવાનું પુરવાર થઇ શકેલ નથી. ફરિયાદીનો પુરાવો જોતાં તેઓએ ચોરી કરનાર ઇસમોને જોયા હોય તેમ જણાઇ આવતું નથી. તેમજ આંક-૩૦,૩૧થી તપાસેલા સાહેદોએ પણ જણાવેલ છે કે, તેઓએ બનાવ નજરો નજર જોયેલ નથી. સદર કામે ચોરીનો બનાવ નજરે જોનાર કોઇ શાહેદ નથી. ચોરીના ગુના સાથે આરોપીઓને સાંકળી શકાય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવી શકેલ નથી. આમ, ચોરી અંગેના બનાવની હકીકત પુરવાર થાય છે, પરંતુ તે ચોરીના ગુનામાં આરોપીઓએ કોઇ ભૂમિકા ભજવી હોય તેવી હકીકત પુરવાર થઇ શકેલ નથી.

**(૧૨)** ફરિયાદપક્ષ તરફે પંચ શાહેદ ધવલભાઇ નરેશભાઇ પરમારને આંક-૧૭ થી, ચંન્દ્રકાંતભાઇ રાજેન્દ્રભાઇ જાદવને આંક-૧૯ થી તથા પંચ હિરેનભાઇ રાયસીંગભાઇ ચૌધરીને આંક-૩૨ થી તપાસવામાં આવેલા છે. તેઓના પુરાવા મુજબ તેઓએ આંક-૧૮ અને ૨૦ વાળા અનુક્રમે ગુનાવાળી જગ્યાના પંચનામામાં તથા મુદ્દામાલ કબજે કર્યાના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. તે સિવાય કંઇ જાણતા નથી. આમ, સદર પંચ શાહેદો ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય ફરિયાદપક્ષે તેઓને ફરી ગયેલ શાહેદ જાહેર કરેલા છે.

**(૧૩)** આમ, હાલના કામે ફરિયાદપક્ષનો સમગ્ર કેસ ધ્યાને લેતા આરોપીઓ મુદ્દામાલ સાથે પકડાયેલ તે હકીકત સિવાય આરોપીઓ વિરુદ્ધ કોઈ પુરાવો જણાઈ આવતો નથી.

આરોપીઓ પાસેથી મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાના પંચ શાહેદોએ મુદ્દામાલ કબજે કરવાના પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. સદર હકીકત ફરિયાદપક્ષના કેસ ઉપર શંકા ઉત્પન્ન કરેલ છે. આ ઉપરાંત ફરિયાદપક્ષના કેસ મુજબ આરોપીઓ જાહેર રાજમાર્ગ ઉપર મુદ્દામાલ સાથે પકડાયેલ છે પરંતુ તપાસ એજન્સી દ્વારા કોઈ ત્રાહિત વ્યક્તિને તપાસના કામે જોડવા પ્રયત્ન કરેલ નથી. ઉક્ત હકીકત પણ ફરિયાદપક્ષના કેસ ઉપર શંકા ઉત્પન્ન કરે છે.

**(૧૪)** આમ, સદર કામે ચોરીનો બનાવ નજરે જોનાર કોઇ શાહેદ નથી. તેમજ મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાના પંચ શાહેદોએ મુદ્દામાલ કબજે કરવાના પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી તે સંજોગોમાં હાલના આરોપીઓ પાસેથી ચોરી કરેલ માલ મળી આવેલ હોવાની હકીકત શંકા ઉત્પન્ન કરે છે. આમ, રજૂ પુરાવા આધારે ફરિયાદપક્ષ આરોપીઓ સામેનું તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે. આમ, ફરિયાદપક્ષ આરોપીઓ વિરુદ્ધનો પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી. આથી કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**આખરી નિર્ણયઃ–**

**(૧)** આ કામના તમામ આરોપીઓને ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૨૪૮(૧) હેઠળ ભારતીય દંડ સંહિતાની કલમ–૪૫૪,૪૫૭,૩૮૦ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** દરેક આરોપીએ ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૪૩૭(ક) મુજબ રૂ.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરાના) અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ અંગે વચગાળાનો હુકમ કાયમ રાખવામાં આવે છે.

આજરોજ તારીખઃ ૧૩, માહેઃ માર્ચ, સને ૨૦૨૬ ના રોજ આ હુકમ સહી કરી વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૩/૦૩/૨૦૨૬
મુ.પલસાણા.

**(વિમલ પ્રદીપભાઈ આચાર્ય)**
એડિ. જ્યુડિ. મેજિ. ફર્સ્ટ ક્લાસ, પલસાણા.
U.I.Code No.GJ01445